# પેથાપુરના રાવળવાસમાંથી ૪ જુગારીયા ઝડપાયા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના પેથાપુર ગામે આવેલ રાવળવાસમાં ખુલ્લામાં પાના પત્તાનો જુગાર ટીચતા ચાર જુગારીયાઓને આજે પેથાપુર પોલીસે બાતમીના આધારે ઝડપી પાડ્યા હતા અને તેમની પાસેથી કુલ રૂ. ૧૧૫૧૦ રોકડ કબજે કર્યા હતા. આ અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામે આવેલ રાવળ વાસમાં કેટલાક ઈસમો ખુલ્લામાં જુગાર ટીચી રહ્યા હોવાની બાતમી પેથાપુર પોલીસમથકે મળતા પોલીસે બાતમી સ્થળે દરોડો પાડ્યો હતો અને જુગાર રમતા રમતા રમેશ જોઈતાભાઈ રાવળ, અમીત ગીરીશચંદ્ર પટણી, જશુભાઈ ગાભાભાઈ રાવળ અને જુગાભાઈ પાવનસિંહ ચૌહાણ તમામ રહે. રાવળવાસને રંગેહાથ ઝડપી પાડ્યા હતા અને તેમની પાસેથી કુલ રૂ. ૧૧૫૧૦ રોકડ કબજે કર્યા હતા અને તમામ વિરૂદ્ધ જુગાર ધારાની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. આ મામલે પેથાપુર પોલીસમથકના જમાદાર લક્ષ્મણભાઈ વધુ તપાસ ચલાવી રહ્યા છે.



ભાજપ મહિલા મોરચા દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી હતી. સૅક્ટર-૧૬ ખાતે કાર્યરત અંધશાળા ખાતે પ્રજ્ઞાચક્ષુ બાળકો સાથે આ મોરચાની મહિલાઓએ રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી. પ્રજ્ઞાચક્ષુ બાળકોને રાખડી બાંધી મહિલાઓએ તેમના દીર્ઘાયુ તથા સ્વાસ્થ્યની કામના કરી હતી. બાળકો પણ એકસાથે મહિલાઓને પોતાના આંગણે અનુભવીને ખુશીથી ઝૂમી ઊઠ્યા હતા અને પોતાના આંગણે ઉત્સવ હોય એવો ઉત્સાહ એમણે ઉજવણી માટે દર્શાવ્યો હતો. (તસવીર : દિપક જાની)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૭

સૂર્યાસ્ત : ૭.૨૫

## તાપમાન

મહત્તમ : ૩૪.૨ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૭ ટકા ● સાંજે ૬૧ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: **સ્ક્રીન-૧** :

જીસ્મ-૨ : ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦

: **સ્ક્રીન-૨** : જીસ્મ-૨ : ૧૦.૦૦

ક્યા સુપર કુલ હૈ હમ : ૧૨.૩૦, ૩.૧૫, ૧૦.૧૫

ટોટલ રીકલ(હિન્દી) : ૫.૪૫, ૮.૦૦

: **સ્ક્રીન-૩** : ટોટલ રીકલ (હિન્દી) : ૧૧.૩૦, ૧૦.૩૦

બોલ બચ્ચન : ૨.૦૦

ક્યા સુપર કુલ હૈ હમ : ૫.૦૦, ૭.૪૫

: **સ્ક્રીન-૪** : ફોર્મ સેન્ડી વીથ લવ : ૧૦.૦૦

યે મોહબ્બત હૈ : ૧૨.૪૫

જીસ્મ -૨ : ૩.૩૦

કૉકટેલ : ૭.૦૦

બોલ બચ્ચન : ૧૦.૦૦

આલાપ : ૫.૦૦

### સિને મેક્સ

: **સ્ક્રીન-૧** :

ટોટલ રીકલ(હિન્દી) : ૯.૦૦, ૧.૩૦, ૬.૩૦, ૧૦.૪૫

આઈસ એઝ ૪:કોન્ટીનેન્ટલ ડ્રિફ્ટ (૩ડી) હિન્દી): ૧૧.૩૦, ૮.૪૫,

ક્રિષ્ના ઔર કંસ ૩ડી : ૩.૪૫

: **સ્ક્રીન-૨** : જીસ્મ-૨ : ૧૦.૪૫

ક્યા સુપર કુલ હૈ હમ : ૧.૩૦, ૭.૩૦, ૧૦.૧૫

ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૪.૧૫

: **સ્ક્રીન-૩** : જીસ્મ-૨ : ૯.૦૦, ૨.૧૫, ૭.૪૫, ૧૦.૩૦

ક્યા સુપર કુલ હૈ હમ : ૧૧.૩૦, ૫.૦૦

: **સ્ક્રીન-૪** :ક્યા સુપર કુલ હૈ હમ : ૧૦.૦૦,

જીસ્મ-૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૩૦, ૯.૧૫

### સૂર્યા, વાવોલ

જીસ્મ-૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

દેશ પરદેશ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- ગુજરાત રાવળ યોગી સમાજ દ્વારા બપોરે ૨ વાગે સામાજિક કાર્યક્રમ.
- કલાગુર્જરી દ્વારા રાત્રે ૯.૩૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ.

### આંબેડકર હોલ

- રોટ્રેક્ટ કલબ, ગાંધીનગર દ્વારા રાત્રે ૯ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ.

### ધાર્મિક

- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, ગાંધીનગર દ્વારા ચંદ્રકાન્તભાઈ ઓઝા, ૧૩૩૫/૨, સેક્ટર-૨/બી,ના નિવાસ સ્થાને શિવમહિમ્ન પાઠ યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા કૃષ્ણકાન્તભાઈ જાની, આનંદ ફલેટ, પ્લોટ નં. ૫૬૦,પાયલ કલર લેબ,ખાતે શિવ મહિમ્ન સ્તોત્રમ્ પાઠ અને સ્તૃતિ વંદના રાત્રે ૯. કલાકે યોજાશે.
- શ્રી રામજી, મંદિર શ્રીરામ ધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિતે સવારથી વિવિધ બાળકોનાં રમકડાંના હિંડોળા.
- બપોરે ૨.૩૦ કલાકે, શ્રી વાસણીયા મહાદેવ, ગાંધીનગર ખાતે શિવ મહાપુરાણ કથાનો પ્રારંભ

## આપની આજ

**મેષ** : માલ-મિલકતની બાબકો ઉકેલાશે. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે.

**વૃષભ** : દિવસ મધ્યમ ફળદાયી રહેશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. પ્રયત્નોમાં અસફળતાથી નિરાશાત્મક વિચારોમાં વૃદ્ધિ થઈ શકે છે.

**મિથુન** : સામાજિક સમ્માનની પ્રાપ્ત થશે. અવસર હિતકર થશે. આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે.

**કર્ક** : વિચારેલા બધા કાર્યોમાં શુભ પરિણામ અપેક્ષિત છે. મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે.

**સિંહ** : આમોદ- પ્રમાદના અવસર આવશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વ વધશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. લગ્ન સંબંધી ચર્ચા ચાલશે.

**કન્યા** : વ્યપાર- રોજગારમાં આર્થિક ચિંતા હળવી બનશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે.

**તુલા** : કાર્ય કરવાની સ્થિતિમાં સુધારા કરવું જરૂરી છે. વ્યાપાર અથવા આજીવિકામાં સમસ્યા આવી શકે છે. બીજાના કાર્યોમાં બીનજરૂરી હસ્તક્ષેપ ન કરો.

**વૃશ્ચિક** : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે.

**ધન** : મકાન સંબંધી સમસ્યાઓમાં સમાધાન થઈ શકે છે. ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે.

**મકર** : લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો.

**કુંભ** : ભૌતિક સુખમાં વધારો થઈ શકે છે. સહયોગીઓથી લાભ મળવાની સંભાવના છે. આવકમાં વધારો થઈ શકે છે. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે.

**મીન** : વ્યાપારક્ષેત્રમાં હાનિ ન થાય તેની તકેદારી રાખવી. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. માતા-પિતાના આરોગ્યની ચિંતા રહેશે. ધર્મ- કર્મમાં ખર્ચ થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. માલીબેન સોમાજી ઠાકોર (ઉ.વ. ૯૫), મુ.પો. વાવોલ તા., જિ. ગાંધીનગર.
- સ્વ. હેત્તલબેન તુષારભાઈ ચાવડા (ઉ.વ. ૩૫), પ્લોટ નં. ૯૬૦, શિવશક્તિ સોસાયટી, સેકટર-૨૭, ગાંધીનગર.

# ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સિનિયર ક્લાર્કનો નિવૃત્તિ સન્માન સમારંભ યોજાયો



ગાંધીનગર, તા. ૩

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડમાં સિનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતા પ્રતાપભાઈ એસ. બારોટનો વયનિવૃત્તિ સન્માન સમારંભ તાજેતરમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, સેક્ટર-૧૦, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ૩૩ વર્ષની પ્રામાણિક અને ફરજ પરસ્તી પ્રત્યેની તેમની સેવાને બોર્ડના સભ્યો અને સહકર્મચારી સ્નેહીઓએ આદરપૂર્વક બિરદાવી હતી.

વય નિવૃત્તિને કારણે સેવામાંથી મુક્ત થતા સિનિયર કારકૂન શ્રી પ્રતાપભાઈ એસ. બારોટના વિદાય સમારંભમાં સમગ્ર ઓફીસના સહકર્મચારી મિત્રો તથા બોર્ડના અધ્યક્ષ અને કર્મચારી મંડળના પ્રમુખ તથા હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બોર્ડમાંથી નિવૃત્ત થતા પ્રતાપભાઈ બારોટના વિદાય સમારંભમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સર્વે અધિકારી-કર્મચારી ગણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સૌએ આ પ્રસંગે તેમની ૩૩ વર્ષની કાર્યકાળ સેવાને વખાણી હતી. શાંત, સૌજન્યશીલ સ્વભાવ અને કામ પ્રત્યેની વફાદારી દાખવનાર પ્રતાપભાઈને બોર્ડના અધ્યક્ષ કે.યુ. મિસ્ત્રી, વરિષ્ઠ પર્યાવરણ ઈજનેર આર.જી. શાહ, વરિષ્ઠ પર્યાવરણ ઈજનેર એન. એમ. તાભાણી, વરિષ્ઠ પર્યાવરણ વૈજ્ઞાનિક કે.સી. મિસ્ત્રીએ આ પ્રસંગે સહૃદય ભાવનાથી તેમની કામગીરીની પ્રસંશા કરી આગામી નિવૃત્તિમય જીવન સ્વસ્થતાથી અને નિરામય રીતે વ્યતિત કરવા શુભેચ્છા પાઠવી હતી. શારીરિક અને માનસિક તંદુરસ્તી સાથે નિવૃત્તિ જીવન સતત પ્રવત્ત રાખવા તથા કચેરીના સૌ સ્નેહીજનોને જરૂર પડ્યે યાદ કરવા પણ તેમણે જણાવ્યું હતું. સહકર્મચારીગણે અને અધિકારીઓએ આ પ્રસંગને યાદગાર કરવા પુષ્પગુચ્છ અને મોમેન્ટો આપી સન્માનીત કર્યા હતા. કચેરીમાંથી નિવૃત્ત થતાં સૌએ દુઃખની લાગણી અનુભવી હતી છતાં શાંત અને નિરોગી જીવન વ્યતિત કરવા તેમને સૌએ શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

## આજે શિવ મહાપુરાણ કથા યોજાશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના પ.પૂ. સંત અને કથાના વકતા યોગી રામદાસ રાવળની વ્યાસપીઠે આજે તા. ૪થી ઓગષ્ટ ૨૦૧૨ને રાત્રે ૮.૩૦ થી ૧૧.૩૦ કલાક દરમિયાન બ્લોક નં. ૩૮/૩, ચ ટાઈપ, સેકટર-૨૯, ગાંધીનગર ખાતે શિવ મહાપુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. ચંદનસિંહ કિશોરસિંહ ગોહિલે ધર્મપ્રેમી ભાવિક જનતાને કથાનું રસપાન કરવા ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

## આજથી સે.૨૬માં છોટે મોરારીબાપુની રામ ચરિત્ર માનસ કથા

ગાંધીનગર, તા.૩

શ્રી વરવાભાઈ પૂજાભાઈ પરિવાર તરફથી સેકટર-૨૬ ચેહર માતાના ધામમાં તા. ૪ ઓગસ્ટના રોજ શ્રી રામ ચરિત માનસ ગંગાનું આયોજન કરવામાં આવેલ છે.

છોટે મોરારી બાપુ (જી.એમ. રાજગુરૂ રીદ્રોલવાળા) રામ ચરિત માનસ કથાનો સત્સંગ કરાવશે. આયોજકોએ લાભ લેવા માટે જણાવેલ છે.

## સેક્ટર-૨ ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં સક્ટર-૨-બી પ્લોટ નં. ૨૭૯/૨ વિશાલભાઈ દવેના નિવાસસ્થાને તારીખ ૪ ઓગષ્ટને સાંજે ૭ વાગ્યે આરતી પાઠકની વ્યાસપીઠેથી સંગીતમય સુંદરકાંડનું આયોજન કરવામાં આવ્યું છે. તો સર્વે ભક્તોએ ભાગ લેવો.

# સે. ૨માં સરકારી માધ્યમિક શાળા માટે હજુ જમીન સંપાદન થઈ નથી

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના સેકટરોમાં એકપણ ઉચ્ચત્તર માધ્યમિક શાળા નથી. આ ઉપરાંત ચ-૦ થી કોબા સર્કલ, ઘ-૬થી સરગાસણ રોજ તેમજ ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ઈન્દ્રોડા, ધોળાકુવા જેવા ગામોમાં માધ્યમિક શાળા નથી. જેથી વિદ્યાર્થીઓને અભ્યાસ માટે દૂર જવું પડે છે. આ અંગે સરકારશ્રીમાં તમામ કક્ષાએ રજૂઆતો કરવામાં આવેલ છે. પરંતુ ઉકેલ કોઈ જ આવ્યો નથી.

સેકટર-૭માં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળઆને પોતાનું સ્વતંત્ર મકાન નહિ હોવાના કારણે સેકટર-૭ની પ્રાથમિક શાળા સેકટર-૮ની સરકારી પ્રાથમિક શાળા તેમજ સેકટર-૭ના સરકારી વસાહતમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. છેલ્લા ત્રણ ચાર વર્ષથી ગંભીર એડમીશન માટે સમસ્યાઓ સર્જાય છે. વિદ્યાર્થીઓને ત્રણત્રણ મકાનોમાં અભ્યાસ માટે અથડવું પડે છે. તો આ વિકલ્પ રૂપે સેકટર-૭ની શાળાનું સેકટર-૨માં નવા મકાન બાંધકામ કરવા જણાવેલ છે.

માહિતી અધિકારી દ્વારા માંગેલ માહિતીમાં નકશો પ્લોટની વિગતો ગ્રાન્ટની જોગવાઈ વગેરે માહિતી મોકલી છે. પરંતુ ખરેખર શાળાનું બાંધકામ ક્યારે શરૂ થશે તે યક્ષ પ્રશ્ન સર્જાયો છે.

# આજથી વાસણીયા મહાદેવ મંદિરે શિવકથાનો પ્રારંભ થશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લાના વાસણીયા મહાદેવ મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસમાં ભોળાનાથના ગુણગાન ગાવા વૈજનાથ મહાદેવ મંદિરે ટ્રસ્ટી અને શિવભકતો દ્વારા તા. ૪થી ઓગષ્ટ ૨૦૧૨થી ૧૨મી ઓગષ્ટ ૨૦૧૨ સધી શિવકથાનું આયોજન કરવામાં આવ્યું છે.

શિવકથાના પ્રારંભ પૂર્વે ગાંધીનગર સેકટર-૨૬ના ગ્રીનસીટી ખાતેથી પોથીયાત્રા બપોરે ૧.૩૦ કલાકે કાઢવામાં આવશે. ૧૦૧ કળશ સાથે બાળકીઓ પોથીનું સ્વાગત કરશે. યાત્રામાં સાધુ-સંતો પણ ખાસ હાજર રહેશે. કથામાં દીપ પ્રાગટય પ.પૂ. વિભૂષી મહામંડલેશ્વર ૧૦૦૮ ભારતીબાપુ સરખેજથી પધારશે. માજી મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા, મંદિરના પૂજારી કિરણભાઈ વ્યાસ તથા કેપિટલ ઓફસેટના માલિક રમેશભાઈ પટેલ જેવા આગેવાનો આ પ્રસંગે હાજરી આપશે.

શિવકથાનું રસપાન સંજયભારતી ગોસ્વામી કરાવશે. શિવકથામાં શિવજીનો મહિમા, રૂદ્રાક્ષ, ભસ્મ, બીલી, બાર જયોતિર્લિંગનો મહિમા જેવા અદભૂત પ્રસંગોનું સુમધુર કંઠે રસપાન કરાવવામાં આવશે. દરરોજ બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન વૈજનાથ મહાદેવ મંદિર, વાસણીયા મહાદેવ, વાસણ, જિ. ગાંધીનગર ખાતે શિવકથા યોજાશે જેનો સૌ શિવભકતો લાભ લઈ શકશે.

## સે.૨ ખાતે પાંચમીએ વૃક્ષારોપણ કાર્યક્રમ

પાટનગર ગાંધીનગરના ૪૮માં સ્થાપત્યના દિન નિમિતે શહેરને હરિયાણું બનાવવા વૃક્ષોના વાવેતર - જતન કરવા સે-૨ના વસાહતીઓના સહકારથી ૫મી ઓગસ્ટે સરકારી દવાખાના, પ્રાથમિક શાળા, રીઝવર્ક પ્લોટોનાં વૃક્ષારોપણ થશે. વસાહતીઓએ વૃક્ષોનું વાવેતર-જતન માટે સ્વૈચ્છિક જવાબદારી સ્વીકારીને વૃક્ષારોપણને સફળ બનાવવા વિનંતી છે.

# સેક્ટર-૨૭માં મહિલાના અપમૃત્યુથી પિતાની સાસરીયા વિરૂદ્ધ ફરિયાદ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના સેક્ટર-૨૭ ખાતેની શિવશક્તિ સોસાયટીમાં ગતરોજ એક ૩૫ વર્ષીય પરિણીતાએ અગમ્ય કારણોસર ઘરના પંખે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. જે અંગે આજે પરિણીતાના પિયરીયાએ પરિણીતાના સાસરિયા પક્ષ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ કલોલના મુળ હકા હાઉસીંગ સોસાયટીમાં રહેતા જીવણલાલ મગનભાઈ લેઉવાની દિકરી હેતલબેનના લગ્ન આજથી પાંચ વર્ષ પહેલા સેક્ટર-૨૭માં રહેતા જીવણભાઈ સોમાભાઈ ચાવડાના પુત્ર તુષાર સાથે થયા હતા. અને બન્નેના લગ્નજીવન દરમિયાન ત્રણ સંતાનોનો જન્મ થયો હતો. રક્ષાબંધનના દિવસે તુષારભાઈ ચાવડા તેની માતા રુખીબેન ચાવડા અને ત્રણ બાળકો લઈ પોતાના ઘરેથી સે. ૩માં પલ્લવીબેનના ઘરે ગયા હતા. આ દરમિયાન તુષારભાઈના પત્ની હેતલબેને એકલતાનો લાભ લઈ આત્મહત્યા કરી હતી.

મૃતક હેતલના પિતા જીવણભાઈ લેઉવાએ દિકરીના આકસ્મીક મોતથી છંછેડાઈને પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં તેમણે સાસરીયા પક્ષ તરફથી હેતલને સતત શારિરીક અને માનસિક ત્રાસ આપતો હોવાનું જણાવ્યુ છે. દિકરીએ સાસુ નણંદ અને પતિના અસહ્ય ત્રાસથી કંટાળીને ગત રોજ પંખે લટકી જીવન ટુંકાવ્યુ હતુ. આ અંગે સેક્ટર-૨૧ પોલીસમથકે ફરિયાદી જીવણભાઈ દિકરીના સાસરીયા ત્રણ વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધાવતા પોલીસ ઈન્સ્પેક્ટર જી.એચ., ડિડોળે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પ્રેમ અને લાગણીમાં વિશ્વાસ ભળે તો નાત-જાતના બંધનો નડતાં નથી

## સિનિયર એડવોકેટ સી.એમ. રાવલ અને ઈબ્રાહીમભાઈ ઘાંચીના સંબંધો ચાર દાયકા કરતા વધુ સમયથી માણસાઈને દીપાવી રહ્યા છે

સંબંધ સજાવે જિંદગી

**નાતો નિર્ભેળ સ્નેહનો**

- અશ્વિન ત્રિવેદી

gsrelation@yahoo.com

જીવનમાંથી સંબંધોની બાદબાકી કરી નાખો તો તે માત્ર શુન્ય થઈ જાય. લાગણીના સંબંધોથી જ તો જીવતર



મહેંકી ઉઠે છે. લોહીના સંબંધોની સાથોસાથ જ લાગણીનો નાતો જીવનને સાર્થકતા બક્ષે છે. પવિત્ર શ્રાવણ માસ અને રમઝાન માસ ચાલી રહ્યા છે ત્યારે આજે એવા બે વ્યક્તિઓની વાત કરવી છે જેમણે લાગણીના અતૂટ સંબંધે જોડાઈ માનવતાની ખુશ્બુને દૂરસુદૂર સુધી ફેલાવી છે.

છેલ્લા ૪૭ વર્ષથી વકીલાત કરતાં સિનિયર એડવોકેટ સી.એમ. રાવલ અને ઈબ્રાહીમભાઈ ઘાંચી વચ્ચે એવો અતૂટ સ્નેહ સંબંધ બંધાયો છે કે જે આજે એક મિશાલ કાયમ કરી રહ્યો છે. ઈબ્રાહીમભાઈ એમ તો સી.એમ. રાવલની સાથે ક્લાર્ક તરીકે જોડાયા હતા પરંતુ આજે ૪૫ વર્ષ બાદ તેમના સંબંધો માત્ર ઓફિસ પુરતાં સિમિત ન રહી કૌટુંબિક સંબંધો સુધી પહોંચી ગયા છે. રાવલ સાહેબે ઈબ્રાહીમભાઈને ખુબ પ્રેમ આપ્યો છે તો ઈબ્રાહીમભાઈએ તેમની ઈમાનદારી અને વફાદારીથી સૌના દીલ જીતી લીધા છે. આજે પણ ઈબ્રાહીમભાઈ અચૂક દરરોજ સવારે ૯.૩૦ ના ટકોરે રાવલ સાહેબના ઘરે હાજર થઈ જાય છે. રાવલ સાહેબની પુત્રવધુ સસરાની સાથે જ ઈબ્રાહીમભાઈની થાળી માંડી પ્રેમપૂર્વક જમાડે છે. રાવલ સાહેબના પત્નિ સીતાબા હયાત હતા ત્યારે પણ આ જ ક્રમ ચાલતો.

ઈબ્રાહીમભાઈનો પુત્ર આબીદ અને રાવલસાહેબનો પુત્ર મનીષ બંને ગાંધીનગર કોર્ટમાં પ્રેક્ટિસ કરી રહ્યા છે. આજે બે પાંદડે થયેલા અને કલોલમાં ઈબ્રાહીમ શેઠ તરીકે ઓળખાતા ઈબ્રાહીમભાઈએ ક્યારેય નિવૃત્તિ લઈ એસો આરામને માણવાનુ વિચાર્યુ પણ નથી. તેઓ સતત રાવલસાહેબની પડખે પડછાયો બની ઉભા રહ્યા છે. રાવલ સાહેબની દિકરી નીલાબેનના લગ્નમાં ઈબ્રાહીમભાઈએ તમામ વ્યવસ્થા સંભાળી અને જાનની આગતાસ્વાગતા પણ પોતાની દીકરી પરણે તેટલા ઉમંગથી કરી ત્રણ રાતનો ઉજાગરો વેઠી પ્રસંગને દીપાવ્યો હતો. રાવલસાહેબે પણ ઈબ્રાહીમભાઈના દીકરા આબીદની જાનમાં સાફો પહેરી વડીલની તમામ ફરજો નીભાવી હતી. ક્યારેય બહારનુ પાણી શુદ્ધા ન પીતા રાવલસાહેબે તે દિવસે આખો દિવસ વગર પાણીએ પસાર કર્યો હતો.

ઈબ્રાહીમભાઈની ઈમાનદારી થકી રાવલસાહેબે વકીલાતના વ્યવસાયમાં અનેક સફળતાઓ પ્રાપ્ત કરી છે. તેઓ એટલા મહેનતકશ અને વફાદાર છે કે રાવલસાહેબને વ્યવસાયમાં ક્યારેય કોઈ તકલીફ પડી નથી. તેઓ ખુબ ઝીણી ઝીણી વિગતોનું ધ્યાન રાખે છે. આજે ૮૦ વર્ષે પણ રાવલસાહેબ યુવાનોને શરમાવે તે રીતે ઉત્સાહથી વકીલાત કરે છે અને જરૂરીયાતમંદોને મદદ પણ કરે છે. તેમના હાથ નીચે તૈયાર થયેલા કેટલાય યુવાનોએ વકીલાતના વ્યવસાયમાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે.

કોર્ટ સંકુલમાં ઈબ્રાહીમભાઈની નામના ખુબ છે. તેમણે તેમના સ્નેહાળ વર્તનથી સૌના દીલ જીતી લીધા છે. સાડા અગિયાર થાય એટલે ઈબ્રાહીમભાઈની મીઠી વાણીની સાથે જ તેમની



મીઠી મીઠી ચા પીવા એમ.કે. ગોસ્વામી, અતુલ પંડ્યા, અશ્વિન ત્રિવેદી અને ભરતભાઈ રાવલ પહોંચી જ જાય. રાવલ સાહેબ અને ઈબ્રાહીમભાઈનો સાથ હરહંમેશ કાયમ રહે તેવી મહાદેવ અને અલ્લાહને પ્રાર્થના...